ગાંધીનગર સમાચાર

શિયાળાની સવારે જોગીંગ કરવા નગરજનોમાં અનેરો ઉત્સાહ

# રંગોળીના રંગને મોંઘવારીનું ગ્રહણ

## દિપાવલી પર્વો આંગણાને રંગોળીથી સજાવવા વપરાતા રંગોના ભાવમાં ૩૦ થી ૪૦ ટકાનો ભાવ વધારો

ગાંધીનગર, તા.૧

દિવાળી પર્વને લઈ નગરના બજારોમાં રંગબેરંગી વિવિધ કલરોનું આગમન થઈ ગયું છે. રંગબેરંગી કલરોને પણ મોંઘવારીનું ગ્રહણ લાગી ગયું છે. ગત વર્ષ કરતા આ વર્ષે કલરમાં ૩૦ ટકાનો વધારો જોવા મળે છે. કલરમાં તોતિંગ વધારાને કારણે નગરજનોના ઘરના આંગણામાંથી દિપાવલીની રંગોળી ગાયબ થઈ જાય તો નવાઈ નહીં પરંતુ નગરજનોને કોઈ મોંઘવારી નડતી નથી. તેઓ દરેક પર્વની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરે છે. ત્યારે નગરમાં આવેલા મકાનોના આંગણામાં ગૃહિણીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ પ્રકારની રંગોળી જોવા મળશે. કલાત્મક રંગોળી જોઈ નગરજનો પણ આશ્ચર્યચકિત થઈ જશે.



દિપાવલીના શુભ અવસરે જેટલું મહત્વ ફટકાડા, દિવડા, મીઠાઈ સહિત અન્ય ચીજવસ્તુઓનું છે તેટલું જ મહત્વ રંગોળીનું છે. દિપાવલીના બીજા દિને નવીનવર્ષની શુભ શરુઆત થાય છે. ત્યારે નગરની મહિલાઓ પણ દિવાળી તેમજ નૂતનવર્ષ નિમિત્તે ઘરના આંગણામાં સુંદર કલાત્મક રંગોળી કરે છે. વિવિધ કલાત્મક રંગોળી નગરમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. નગરના બજારોમાં રગોળીમાં વપરાતા કલરોનું આગમન થઈ ચકયું છે. રંગો માટે ૧૮ જાતના કલરો બજારમાં ઉપલબ્ધ છે. જેમાં વ્હાઈટ, બ્લેક, ગ્રીન, રેડ, બ્લ્યુ, પીન્ક, સહિતના કલરો વધુ વપરાય છે. આ વર્ષે બજારમાં રંગોળીના કલરનો ભાવ કિલોના સો રૂપિયા છે. જે ગત વર્ષે સિત્તેર રૂપિયા હતો. જે ગત વર્ષ કરતા ૩૦ ટકા વધારે છે ત્યારે આ વર્ષે દિપાવલીમાં આંગણામાં બનાવવામાં આવતી કલાત્મક રંગોળીનો રંગ ભાવવધારાને કારણે ઝાંખો પડી જાય તેવું લાગી રહ્યું છે. પરંતુ શહેરની ગૃહિણીઓમાં રંગોખીનો અનોખો ક્રેઝ જોવા મળે છે જેથી શહેરમાં નોખી રંગોળી ગૃહિણીઓ પોતાના આંગણામાં તૈયાર કરશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● સે-૧૭ ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનના કર્મયજ્ઞના મહત્વના પ્રસંગોની અસરકારક રજુઆત કરતું નાટક પ્રસ્તુત કરાશે.

- નજાહખાનમ સૈયદ

## નહેરુ યુવા કેન્દ્ર દ્વારા વિજિલન્સ અવેરનેસ વીકની ઉજવણી

ગાંધીનગર, તા.૧

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૨૬મી થી ૩૧મી ઓકટોબર દરમિયાન વીજીલન્સ અવેરનેસ વીકની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સતર્કતા અને પ્રમાણિકતા સારા વહીવટની નિશાની છે આ અંગે શપથ તથા વાર્તાલાપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંગઠનના ઈન્ચાર્જ ઝોન ડાયરેકટર શ્યામસિંહ રાજપુરોહિત, યુથ કો. ઓર્ડીનેટર રજનીકાંત સુથાર, વહીવટી અધિકારી કે.પી. શેઠીયા, અશોકભાઈ પરમાર, પ્રફુલ ત્રંબાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# શિયાળાની સવારે જોગીંગ કરવા નગરજનોમાં અનેરો ઉત્સાહ

ગાંધીનગર, તા.૧

શિયાળાની ઋતુનો વિધિવત પ્રારંભ થઈ ચુકયો છે. નગરમાં ઠંડીનો અહેસાસ સાંજ ઢળતા જ થાય છે ત્યારે શહેરમાં ફુલ ગુલાબી ઠંડીમાં સવારના સુમારે ચાલતા જતા નગરજનોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. નગરજનો પોતાના આરોગ્યની કાળજી માટે તેમજ શરીરને સુદઢ બનાવવા માટે વહેલી સવારે મોર્નીંગ વોક કરતા નજરે પડે છે તો નગરના કેટલાક સર્કલો પર નગરજનો યોગ તેમજ કસરત કરતા જોવા મળે છે.

આજના આધુનિક અને ઝડપી યુગમાં બી.પી, ડાયાબીટીસ અને હૃદયરોગના દર્દીઓની સંખ્યા વતત વધી રહી છે. અનિયમિત જીવન શૈલીની જનઆરોગ્ય પર વિપરીત અસર જોવા મળી રહી છે ત્યારે શારિરીક તંદુરસ્તી જાળવવા નગરજનો વધુ જાગ્રત બન્યા છે. તેમાંય શિયાળાની ફુલ ગુલાબી ઠંડીમાં શારિરીક સુખાકારી માટે વોકીંગ અને હળવી કસરત અનિવાર્ય હોવાનું આરોગ્ય તજજ્ઞો જણાવી રહ્યા છે. શિયાળો એટલે તબિયત બનાવવાની ઋતુ. નગરમાં ગુલાબી ઠંડીની મૌસમ નિખરતા વહેલી સવારે શહેરના માર્ગો અને ઉદ્યાનોમાં મોર્નીંગ વોક કરનારાઓની વિશેષ સંખ્યા જોવા મળે છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણીમ પાર્ક જોગીંગ ટ્રેક તરીકે ઉભરી આવ્યું છે. શહેરમાં નિયમિતરૂપે જોગીંગ કરતા નગરજનોની સંખ્યા વર્ષ દરમિયાન નહીંવત હોય છે ત્યારે શિયાળામાં શહેરીજનોની સંખ્યા જોગીંગ માટે વધી જાય છે. શિયાળાની ફુલ ગુલાબી ઠંડીમાં નગરજનો સર્કલો તેમજ માર્ગો પર વિવિધ હળવી કસરત કરતા જોવા મળે છે. આઠ માસ ન ચાલતા નગરજનો ચાર માસ જોગીંગ કરીને આઠ માસની સ્ફુર્તી મેળવી લેતા હોય છે. જયારે શિયાળાની સવારની આબોહવા આરોગ્ય માટે ઉત્તમ હોવાથી નગરજનો મોટી સંખ્યામાં જોગીંગ કરતા જોવા મળે છે.



ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપ દ્વારા યોજાયેલ દીવાળી શોપીંગ મેલાને ભારે આવકાર મળ્યો હતો. પ્રતિ વર્ષની જેમ દિવાળી પૂર્વે દિવાળીની ખરીદી માટે જૈન સોશ્યલ ગૃપ સંસ્થાના સભ્યો દ્વારા નિર્મિત કે ખરીદાયેલી ચીજવસ્તુઓના વેચાણ માટે દિવાળી શોપીંગ મેળાનું આયોજન શનિવાર અને રવિવાર દરમિયાન યોજાયું હતું. સવારે ૯ થી રાત્રીના ૯ સુધી ચાલેલા શોપીંગ મેળામાં ખરીદ વેચાણનો માહોલ દિવાળીના આગમનના એંધાણ આપતી હતી.

## ઓલ ઈન્ડિયા સ્કુલ ગેઈમમાં ગુજરાતની ટીમને ગોલ્ડ મેડલ

ગાંધીનગર, તા.૧

ઓલ ઈન્ડિયા સ્કુલ ગેઈમ દ્વારા હૈદરાબાદ ખાતે યોજાયેલ ૨૫ રાજયોમાં ગુજરાત રાજયની ટીમે ગોલ્ડ મેડલ મેળવી વિજેતાપદ હાંસલ કર્યું હતું. આ ટીમની કેપ્ટન સે-૨૯ની શાંતિ નિકેતન શાળાની વિદ્યાર્થીની વૈદેહી ચૌધરી અને હેત્વી ચૌધરી રહી હતી. બંને વિદ્યાર્થીનીઓએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ સંભાળી ગોલ્ડમેડલ અપાવ્યો હતો. વ્યકિતગત રમતમાં પણ વૈદેહીએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો. ચાલુ વર્ષે ઓલ ઈન્ડિયાના ૨૫થી વધારે ટાઈટલ મેળવી ઈન્ડીયન ટીમમાં બંને વિદ્યાર્થીનીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેથી તેઓએ ગુજરાત રાજય તેમજ શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. શાળાના આચાર્ય બીપીનભાઈ રાવલે બંને વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગરની હિલવડુ સ્કૂલમાં કલાકૃતિ-૨૦૧૫ આંતરસ્કૂલ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં 'યોગ આધુનિક જીમખાને સે બહેતર હે' વિષયે યોજાયેલ ડિબેટમાં હિલવુડ સ્કૂલમાં ધો-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ ભાર્વી દાણી તથા આકાંક્ષા પુનિઠાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળા પરિવાર તથા બંને બાળાઓના કુટુંબીજનો-મિત્રોએ તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓનો વરસાદ વરસાવ્યો હતો.

# પ્રાંતિયા પાસે રસ્તો ઓળંગતી વૃદ્ધાનું બાઈકની અડફેટે મૃત્યુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામ પાસે ૭૦ વર્ષીય વૃદ્ધા રસ્તો ઓળંગી રહ્યા હતા તે દરમિયાન બેફામ ગતિએ જતા બાઈક ચાલકે વૃદ્ધાને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી. અકસ્માત બાદ બાઈક ચાલક ફરાર થઈ ગયો હતો પરંતુ બાઈક નંબર રાહદારીઓએ નોંધ કરી લીધો હતો. ડભોડા પોલીસે બાઈક નંબરને આધારે આરોપીને પકડી પાડવા દોડધામ શરુ કરી છે.

**અકસ્માત બાદ બાઈક સાથે આરોપી યુવાન ફરાર : બાઈકના નંબરને આધારે પોલીસે શોધળોળ શરૂ કરી**

મળતી માાહિતી મુજબ પ્રાંતિયા ગામની ૭૦ વર્ષીય વૃદ્ધા મણીબેન બાબુભાઈ વાંસકોડીયા આજે બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં પ્રાતિયા હાઈવે રોડ ઓળંગી રહ્યા હતા તે દરમિયાન ધૂમ સ્પીડે આવેલા બાઈક ચાલકે મણીબેનને જબરદસ્ત ટકકર મારતા મણીબેન ગંભીર રીતે ઘવાયા હતા અને ઘટનાસ્થળ પર જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. બાઈક ચાલક આરોપી થોડે દૂર જઈને ઉભો રહ્યો ત્યારે રાહદારીઓએ બાઈક નંબર નોંધી લીધો હતો. જીજે ૯ એ.એન. ૯૮૬૧ નંબરનું બાઈક લઈને આવેલો આ શખ્સ મોકો મળત જ ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા બાઈક ચાલક સામે ગુનો નોંધી નંબરને આધારે તેને પકડી પાડવા જમાદાર મહેન્દ્રભાઈએ તજવીજ શરુ કરી છે તો બીજી તરફ મૃતક વૃદ્ધાના મૃતદહેને પી.એમ. માટે મોકલી આગળની કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

# આદરજ ગામમાં જુગાર રમતા આઠ શકુનીઓ ઝડપાયા

## રૂ. ૪૨,૧૦૦ના મુદ્દામાલ સાથે પેથાપુર પોલીસે આઠેયની ધરપકડ કરી લીધી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા આદરજ ગામના સુખાજીના પરામાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી આઠ શકુનીઓ ઝડપી પાડયા છે. રોકડ રૂ. ૧૦,૬૦૦ સહિત રૂ. ૪૨,૧૭૦ની કિંમતના મુદ્દામાલ સાથે પેથાપુર પોલીસે આઠેય શખ્સોની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી.વાળા તથા તેમની ટીમના જમાદાર અજમલભાઈ દેસાઈ સહીતના માણસોએ ચોકકસ બાતમીને આધારે આજે બપોરે આદરજ ગામમાં દરોડો પાડયો હતો. આદરજ ગામના સુખાજીનાં પરામાં ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા આદરજના મણા ચંદુ ઠાકોર, અલ્પેશ દશરથ ઠાકોર, તલા ચંદુ ઠાકોર, શેરથા કસ્તુરી પરાનાં લક્ષ્મણ મંગા ઠાકોર, ઉવારસદના કાંતિ જુહા ઠાકોર, રૂપાલના છગન સોમા પ્રજાપતિ અને અમદાવાદ છારોડી વિસ્તારના મહેશ બચ્ચન ઠાકોર અને હિતેશ રતન રાઠોડ મળી આઠ શકુનીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. પેથાપુર પોલીસે રૂ. ૧૦.૬૦૦ રોકડ તથા બે વાહનો અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૪૨,૧૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને આઠેય જુગારીઓની ધરપકડ કરી લીધી છે.

## વાતવાતમાં

● સે-૩-એ ન્યુમાં ધો-૫માં ભણતી બે બાળકીઓ વેદાંશી દવે અને ખુશી પટેલે પોતાની બહેનપણીઓ સાથે કેક કાપી સરદાર પટેલની જન્મ જયંતિની ઉજવણી કરી હતી. આ બાળકીઓએ પોતાના પોકેટમનીમાંથી ચોકલેટસ તથા બિસ્કીટ લાવી ઓવનમાં ૧૦ વ્યકિત ખાઈ શકે તેવી કેક જાતે બનાવી હતી.

● સે-૨૭માં જયાં સાંઈબાબાનું મંદિર હતું તેની આગળ નવું બસ સ્ટોપ બનાવાયું છે. જો કે આ બસ સ્ટોપના બોર્ડ પર 'સે-૨૬ બસ-સ્ટોપ' એવું લખવામાં આવ્યું હોવાથી સે-૨૪ અને ૨૭ના નાગરિકોમાં ભારે કુતુહલ ફેલાયુંછે.

● દિવાળી કાર્યો પુરજોશમાં ચાલી રહ્યા હોવાથી અનેક ઘરોમાં ગાદલા પીજાવાનું કાર્ય હાથ ધરાયું છે. રોડ નં. ૨ પરથી પસાર થતા એક પીંજારાની બેદરકારીના કારણે ઘ-૨ થી ગ-૨ સુધીના માર્ગે રૂ છવાઈ જવા પામ્યું હતું.

● નગરની મિઠાઈની દુકાનો પર દિવાળી નિમિત્તે 'વહેવાર' કરવા માટેના ડ્રાયફ્રુટ તથા મિઠાઈના પેકેટસનું વેચાણ પ્રારંભ થઈ જવા પામ્યું છે. એક અંદાજ મુજબ એકલા સચિવાલયમાં જ પોણા કરોડની દિવાળી ગીફટસનો 'વહેવાર' કરાય છે કારણ કે અધિકારીઓ સાદી મિઠાઈઓને અડકતા પણ નથી કેવું કોન્ટ્રાકટરોનું કહેવું છે.

● પાટીદાર સમાજના આગેવાન લાલજી પટેલ તથા બ્રાહ્મણ સમાજના અગ્રણી ભાવેશ રાજયગુરૂ સાથે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સવર્ણ એકતા મંચના નેજા હેઠળ દરેક સમાજના આગેવાનો આગામી બે દિવસમાં એકઠા કરાશે તેવો નિર્ણય લેવાયો હતો.

● આવનાર દિવાળી પર્વ દરમિયાન ગાંધીનગરના જે નગરજનો પોતાના ઘરે રંગોળી બનાવે તેમને તેના ફોટા પાડી આ કોલમમાં આપેલ નંબર પર વ્હોટસએપ કરવા ગાંધીનગર સમાચાર આમંત્રે છે. જેની રંગોળી પસંદગી પામશે તેના નામ સાથે છાપવામાં આવશે. દરેકે પોતાની રંગોળીના માત્ર બે જ ફોટા મોકલવા તેમજ સાથે પુરું નામ અને સરનામું પણ લખવું. કયા ફોટા છાપવા તે અંગે ગાંધીનગર સમાચારનો અધિકાર અબાધિત રહેશે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# બીજા-ચોથા શનિવારની બેંક રજા ચર્ચાસ્પદ

## સરકારી કર્મચારીઓ પોતાના બેંકિંગ કાર્યો પુરા કરવા બીજા-ચોથા શનિવારનો ઉપયોગ કરતા હતા : બેંકોમાં અલ્ટરનેટ વીકએન્ડ એટલે કે પહેલા ત્રીજા શનિવારે રજા રાખી શકાઈ હોત તો તેમને ઉપયોગી પણ થાત અને બેંકિંગ કર્મચારીઓની માંગણી પણ સંતોષાત



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૧

તાજેતરમાં આરબીઆઈ દ્વારા તમામ બેંકોના કર્મચારીઓની સરકારી કાર્યાલયોની જેમ જ દર બીજા અને ચોથા શનિવારે સંપૂર્ણ રજા પાળવાની માંગને સૈધ્ધાંતિક મંજુરી આપી દેવામાં આવી. આ સાથે બાકીના શનિવારે અડધા દિવસના બદલે આખો દિવસ બેંકો ચાલુ રાખી ભરપાઈ પણ કરી લેવાઈ. આ નિર્ણય સાથે બેંક કર્મચારીઓમાં હર્ષની લાગણી પ્રસરવા પામી છે પરંતુ સરકારી ખાસ કરીને રાજય સરકારના કર્મચારીઓને થોડીક અગવડ પડવાની આશંકાએ આ નિર્ણય નિરાશા ઉપજાવનારો લાગી રહ્યો છે. આ કારણે બેંકોની બીજા-ચોથા શનિવારની રજાએ કહી ખુશી કહી ગમનો માહોલ ઉભો થવા પામ્યો છે.

સરકારી કર્મચારીઓને પોતાના અંગત કામો પતાવવા માટે બીજા અને ચોથા શનિવારે મળતી રજા ઉપયોગમાં આવતી હતી. પોતાના પરિવાર માટે જરુરી ખરીદી કરવી, મિત્રો-સગા સંબંધીઓના ત્યાં જવું-આવવું, બાળકોના શાળાકીય ઔપચારિકતા અંગેના કાર્યો કરવા તથા બેંક અને વિમાને લગતા કામો હાથ ધરવા જેવા કાર્યો માટે પોતાના કાર્યાલયની બીજા-ચોથા શનિવારની રજાનો ઉપયોગ કરી શકાતો હતો. બેંકમાં પાસબુક ભરાવવી, ફિકસ ડિપોઝીટ રીન્યુ કરાવવી, કેવાયસી ડોકયુમેન્ટસ પુરા પાડવા, ચેકબુક-પાસબુક અને રસીદ વગેરે કલેકટ કરવી, વ્યાજ અંગેની વિગતો મેળવવી, લોનના હપ્તા ભરવા, પીપીએફમાં નાણાં જમા કરાવવા જેવા અનેક પેન્ડિંગ કાર્યો બીજા-ચોથા શનિવારે સરકારી કર્મચારીઓ પુરા કરી શકતા હતા. આ માટે તેમને પોતાની ઓફિસમાં રજા રાખવાની જરૂર નહોતી પડતી કે ચાલુ ઓફિસે વચ્ચેથી બેંકમા જવાની આવશ્યકતા નહોતી રહેતી. હવે બેંક પણ બીજા-ચોથા શનિવારે બંધ રહેતી હોવાથી આ કર્મચારીઓને બેંકિંગ કાર્યો માટે મુશ્કેલી પડવાની શકયતાઓ ઉભી થતા નારાજગીનો સુર ઉઠવા પામ્યો છે.

### કહી ખુશી કહી ગમ



સરકારી કર્મચારીઓમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે બેંકોને અલ્ટરનેટ વીકએન્ડ એટલે કે પહેલા અને ત્રીજા શનિવારે રજા આપવાની જરૂર હતી. જેથી તેઓ પોતાની બીજા-ચોથા શનિવારની રજાનો ઉપયોગ કરી બેંકિંગ કાર્યો પુરા કરી શકે અને બેંકના કર્મચારીઓને રજા પણ મળી જાય.

બીજી તરફ બેંકીંગ કર્મચારીઓમાં બીજા-ચોથા શનિવારની રજાઓ જાહેર થતા આનંદનો માહોલ છવાયો છે. આ કર્મચારીઓનું કહેવું છે કે પહેલા દર શનિવારે અડધા દિવસની રજા હતી તો તેના અંગત ઉપયોગ માટે કોઈ અર્થ સરતો નહોતો કારણ કે બેંકિંગ કામમાં વર્કલોડના કારણે ઘરે પહોંચતા જ ચાર-પાંચ વાગી જતા હતા. આ કારણે તેઓ શનિવારનો પૂરો ઉપયોગ કરી શકતા નહોતા. બેંકીંગ કર્મચારીઓને પણ મોટા ભાગના બજારોમાં રવિવાર રજા હોવાથી ઘરવપરાશની ચીજવસ્તુઓની ખરીદીથી માંડીને અન્ય જરુરી કાર્યો શનિવારે પતાવવા પડતા હતા પરંતુ તે માટે ખુબ જ ઓછો સમય મળતો હતો. હવે ભલે પહેલા-ત્રીજા શનિવારે આખો દિવસ કામ કરવું પડે પરંતુ બીજા-ચોથા શનિવારનો પુરો ઉપયોગ કરી પોતાના અંગત પડતર કાર્યો નિપટાવી શકે છે. સામાન્ય નાગરિકોમાં હજુ પણ બેંકોમાં બીજા-ચોથા શનિવારે રજા હોય છે તેની પુરી જાણ ના હોવાથી ઘણા નાગરિકો બીજા-ચોથા શનિવારે બેંક સુધી પહોંચી જાય છે અને પછી બેંક બંધ જોઈ તેમને ધરમ ધક્કો પડયાનો અહેસાસ પણ થાય છે. વળી પહેલા-ત્રીજા શનિવારે એક વાગે બેંક બંધ થઈ જશે તેવી ધારણાના કારણે નાગરિકો વહેલા પહોંચી જાય છે જેના કારણે બપોર પછી બેંકમાં કાર્યભાર ઓછો થઈ જાય છે.

બેંકિંગ સેવા દરેક માટે ખૂબ જ આવશ્યક સેવા હોઈ અને જયારે દેશના વડાપ્રધાન જનધન યોજના થકી દેશના તમામ નાગરિકોને બેંકિંગ સેવા સાથે જોડવા માંગતા હોય ત્યારે સરકારી કર્મચારીઓના મોટા સમૂહને ધ્યાનમાં રાખી બેંકોમાં અલ્ટરનેટ વીકએન્ડ એટલે કે પહેલા-ત્રીજા શનિવારે રજા અને બીજા-ચોથા શનિવારે બેંકો ચાલુ હોય તેવી વ્યવસ્થા પણ ગોઠવી શકાઈ હોત જે અનેક માટે લાભદાયી નિવડત તેમજ બેંકના કર્મચારીઓની માંગણી પણ સંતોષાત.

પ્રતિભાવો : samirtalod@yahoo.com

# ચિલોડા સર્કલેથી ઠસોઠસ દારૂ બિયર ભરેલી ટવેરા ગાડી પકડાઈ

ગાંધીનગર, તા.૧

રાજસ્થાન તરફથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી ટવેરા ગાડી હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી પસાર થઈ રહી હોવાની બાતમી મળતા ચિલોડા પોલીસની ટીમે સવારે ચિલોડા સર્કલ પાસે વૉચ ગોઠવીને ટવેરા ગાડી સાથે બે રાજસ્થાની શખ્સોને ઝડપી પાડયા હતા. રૂ. ૩.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ચિલોડા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

**રૂ. ૩.૫૪ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ : રાજસ્થાનથી દારૂ-બિયરનો જથ્થો ભરીને લવાઈ રહ્યો હતો**

ચિલોડા પોલીસ મથકનાં પીઆઈ વનરાજસિંહ ચાવડા તથા તેમની ટીમના પીએસઆઈ આર.એસ. રાજપુત અને સ્ટાફના માણસો આજે સવારે ચોકકસ બાતમીને આધારે ચિલોડા સર્કલ પાસે વૉચ પર ગોઠવાઈ ગયા હતા. સાડા નવ વાગ્યાના અરસામાં બાતમી વાળી ટવેરા ગાડી નં. જીજે ૧૨ ટી.એ. ૭૯૧ ચિલોડા સર્કલ પાસેથી પસાર થતા ગાડી પોલીસની ટીમે પકડી પાડી હતી. ટવેરા ગાડી તપાસતા અંદરથી ૬૦૦ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૯૬ નંગ બિયરના ટીન મળી કુલ રૂ.૧,૦૪,૪૦૦ની કિંમતનો દારૂ-બિયર નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ-બિયર તથા ગાડી મળી કુલ રૂ. ૩,૫૪,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના બિછુવાડા વિસ્તારના બે રાજસ્થાની બુટલેગરો મનોજ નાથા કલાલ અને રાજેશ નટવર કલાલ બંનેની ધરપકડ કરી ચિલોડા પોલીસે સઘન પુછતાછ આરંભી છે.

## ચિરવિદાય

- સ્વ. જીવણભાઈ જોગીભાઈ લાડ, ઉ.વ. ૭૭
- સ્વ. ઈન્દિરાબેન ઓછવલાલ દાણી, ઉ.વ. ૭૯